ફોજદારી ઈન્કવાયરી નંબર :– **૧૦/૨૦૨૬**

## – :: ફરિયાદીની આંક–૦૧ ની અરજી લગત હુકમ :: –

હાલની ફરિયાદ દાખલ થતા ફરિયાદ તથા તેની સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા રજુ થયેલ પુરાવાનું સોગંદનામુ ધ્યાને લેતાં આ કામે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **SUO MOTU WRIT PETITION (CRL.) NO.** 02 2020, **DATED** 16/04/2021 ના રોજ આપવામાં આવેલ હુકમ મુજબની પેરા–૨૪ ની ગાઈડલાઈન મુજબ ફરિયાદના અનુસંધાને ફરિયાદ દ્વારા હાલની ફરિયાદ અરજીના કામે, સોગંદનામું રજુ રાખવામાં આવેલું જે સોગંદનામું વંચાણે લેતા ફરિયાદ મુજબની હકીકતો જણાવવામાં આવેલી અને આ કામના આરોપી સાથે તેમને કાયદેસરનો વ્યવહાર હોવાની હકીકતો જણાવેલી છે. જે પ્રથમ દર્શનિય રીતે ઉચિત હોવાનું જણાઈ આવે છે. આ કામે ફરિયાદની સાથે રજુ થયેલા દસ્તાવેજો જોતા વટાઉખત અધિનિયમની કલમ–૧૪૨(૨) વંચાણે લેતાં અત્રેની કોર્ટને ઉપરોક્ત ફરિયાદ લગત કોગ્નીજન્સ (સંજ્ઞાન) લેવાની હકુમત રહેલી છે. વધુમાં, ઉપર જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટના હુકમની ગાઈડલાઈન મુજબ ફરિયાદ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ – ૨૦૦ મુજબ દાખલ થતા જો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૨ મુજબ કોર્ટને સફિસીયન્ટ કોઝ (યોગ્ય કારણ) જણાય આવે તો ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ – ૨૦૪ મુજબ આરોપીની સામે સમન્સ કાઢી શકાય અને જો કોર્ટને યોગ્ય કારણ ન જણાય આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૩ હેઠળ ફરિયાદ કાઢી નાંખવાનો હુકમ કરી શકે તથા **નામદાર સુપ્રિમ કોર્ટના સુઓમોટો રીટ MISC.APPL.NO.** 665/2021 **IN SMW(C) NO.** 03/2020 ધ્યાને લેતાં, હાલની ફરિયાદ, ફરિયાદની સાથે રજૂ થયેલા તમામ દસ્તાવેજો તથા હાલની સાથે રજુ થયેલા તમામ દસ્તાવેજો તથા હાલની ઈન્કવાયરીના તબક્કે રજુ રાખવામાં આવેલ સોગંદનામાની હકીકતો જોતા તથા વટાઉખત અધિનિયમની કલમ – ૧૩૮ તથા ૧૪૨(૨) મુજબ આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ જણાય આવે છે તથા સાથે–સાથે બી.એન.એસ.એસ. ની કલમ– ૨૨૫ તથા ૨૨૭ વંચાણે લેતા હાલની ફરિયાદના કામે દર્શાવેલ આરોપી સામે બી.એન.એસ.એસ. ની કલમ– ૨૨૭ હેઠળ પ્રોસેસ ઇસ્યુ કરવા ન્યાયોચિત્ત જણાતુ હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – :: હુકમ :: –

હાલની ઈન્કવાયરી ફોજદારી કેસ તરીકે રજિસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે. વટાઉખત અધિનિયમની કલમ – ૧૩૮ મુજબના ગુનાનું સંજ્ઞાન લઈ આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શનિય ગુનો જણાતો હોય, બી.એન.એસ.એસ. ની કલમ– ૨૨૭ મુજબનો સમન્સ **મુદ્દત તારીખ – ૨૩/૦૪/૨૦૨૬** ના રોજનો ઈસ્યુ કરવો તેમજ આરોપીએ મુદ્દત તારીખે રુ.**૧૫,૦૦૦/–(અંકે રુપિયા પંદર હજાર પુરા)** ના જામીન સાથે હાજર રહેવું તેવી પ્રોસેસમાં સ્પષ્ટપણે જાણ કરવી. ઉપરોક્ત હુકમ આધારે સદર ફરિયાદ અરજીને ફોજદારી કેસ નં. તરીકે રજીસ્ટરમાં અને સી.આઈ.એસ માં એન્ટ્રીકરી ધોરણ સરનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. **૧૧** થી માહે : **માર્ચ,** સને : **૨૦૨૬,** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: **૧૧/૦૩/૨૦૨૬**
મુકામ: ઉપલેટા.

(ડી. વાય. પટેલ)
એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉપલેટા.